ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૧૮ ટકા

# રેન્સમવેર વાઈરસના ભયથી શહેરના એટીએમ બંધ

## એટીએમ બંધ હોવાથી નાણા ઉપાડવા બેંકોમાં ગ્રાહકોની ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૬

રેન્સમવેર વાઈરસના લીધે દેશ-વિદેશના આઈટી નેટવર્કપર માઠી અસર થવા પામી છે. સમગ્ર દેશમાં પણ આ વાયરસના એટેકથી હાહાકાર મચી ગયો છે. જેના લીધે કોમ્પ્યુટરલક્ષી કામગીરી પર વિપરીત અસર થઈ છે. ગાંધીનગરમાં પણ ધમધમતી વિવિધ સરકારી કચેરીઓમાં પણ સર્વર ડાઉન થવાની સમસ્યાને લીધે કામગીરી ખોરવાઈ ગઈ છે. જયારે બેંક એટીએમ પણ ઠપ થઈ જતા આર્થિક વ્યવહાર પણ વાયરસના ઘેરાવામાં આવ્યો છે.કેશલેસ પધ્ધતિ અમલમાં આવ્યા બાદ સામાન્ય માણસો એટીએમના ઉપયોગ તરફ વળ્યા છે ત્યારે આવા સંજોગોમાં રેન્સમવેરના વિપરીત અસરથી એટીએમ બંધ થઈ જતા સ્થાનિક નાગરીકોની હાલાકી બેવડાઈ છે. સામાન્ય રીતે એટીએમમાંથી નાણા ઉપાડવા ટેવાયેલા નાગરીકોને ૧૦થી વધુ એટીએમ ફરવા છતા નાણા મળતા નથી. ત્યારે નાણા ઉપાડવા માટે બેંકોમાં પણ ગ્રાહકોની લાંબી કતારો સર્જાઈ હતી. ઈન્ટરનેટ યુઝર્સ સાથે



સરકારી અને ખાનગી કચેરીઓમાં પણ વાયરસની અસર પ્રબળ રીતે વર્તાઈ રહી છે. આવા સંજોગોમાં એટીએમમાંથી કેશ ન મળતા નગરના આમ નાગરીકોમાં આર્થિક લેવડ-દેવડના મામલે નવી મુંઝવણ ઉભી થવા પામી છે.

રેન્સમવેર વાઈરસના કારણે રાષ્ટ્રીયકૃત બેંકોએ છેલ્લા બે દિવસથી એટીએમ મશીનમાં નાણા ભરવાનું બંધ કરી દીધુ છે. આ વાયરસ બેંકના સર્વર અને ઈન્ટરનેટને નુકશાન પહોંચાડી શકે છે તેવી સ્થિતિમાં બેંકોએ સલામતીના ધોરણે હાલની પરિસ્થિતિએ એટીએમમાં કેશ લોડ કરવાનું બંધ કર્યુ છે. ત્યારે ગાંધીનગર શહેરના મોટાભાગના એટીએમ બંધ હાલતમાં છે. જયારે કેટલીક બેંકોના કાર્યરત એટીએમમાં નાણા લોડ કરતા જ ગણતરીના કલાકોમાં ખલાસ થઈ જાય છે. કેશલેસ સુવિધાથી ટેવાયેલા નાગરીકોને અત્યારે હાલના સમયે મહામુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના નાગરીકોને એટીએમમાંથી રૂપીયા ઉપાડવા માટે ૧૦ કિલોમીટર ફરવા છતા પણ રૂપીયા મળતા નથી, તેવી સ્થિતિમાં બેંકોમાં ગ્રાહકો રૂબરૂ જતા ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. જયારે કેટલાક નાગરીકોના આર્થિક વ્યવહારો પણ છેલ્લા બે દિવસથી અટવાયેલા પડ્યા છે. વાયરસનું ઝોખમ ઘટતા પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ જ નાગરીકો ફરીવાર એટીએમ અને કેશલેસ સુવિધા તરફ આગળ વધશે. જયારે અત્યારે હાલના સમયે તો શહેરના નાગરીકો મિત્ર વર્તુળમાં ઉછીના પાછીના કરીને પોતાનું કામ ચલાવી રહ્યા છે.

## વાતવાતમાં

● ગાંધીનગર ખાતે અત્યારે સમગ્ર સાઈ સંકુલ ડેપ્યુટી ડાયરેકટર વીરસીંઘ ચૌહાણ સંભાળી રહ્યા છે. વીરસીંઘ ચૌહાણે હોદ્દો સંભાળતાની સાથે જ બૉયઝ હોસ્ટેલમાં સાફસફાઈ તથા વૉટરકુલર-એસી વગેરેને રીપેરીંગ કરવા સહિતના કાર્યોને અગ્રિમતા આપી તે અંગે ઉઠતી ફરિયાદોનો નિકાલ કરવા પ્રયત્નો હાથ ધર્યા છે.

● સરકારે ખાનગી શાળાઓની ફી બાબતે મર્યાદા નિયત કરી છે તેને અનુલક્ષીને કેટલીક ખાનગી શાળાઓએ ફી ઘટાડાની પ્રક્રિયા હાથ ધરી છે. આ શાળાઓ એવી છે જેમનું ફી ધોરણ સરકારી મર્યાદાની નજીકનું હતું તેથી તેમણે ફીને વ્યાજબી ઠેરવવાના વિકલ્પની પ્રક્રિયા કરવાને બદલે ફી ઘટાડો કરી વિવાદ ટાળવાનું મુનાસિબ માન્યું છે.

## શહેરી બસ સેવા શરૂ ન થાય તો કિસાનનગર વસાહત મંડળ આંદોલનના માર્ગે

ગાંધીનગર શહેરી બસ સેવાનું સંચાલન વિટકોસ એજન્સીને આજથી આઠ વર્ષ પહેલાં ગાંધીનગરના સ્થાપના દિને તે વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લીલી ઝંડી આપીને શહેરી બસ સેવાની શરૂઆત કરાવી હતી.

વિટકોસે શહેરને તથા નજીકના ગામોને આવરી લેતી બસો જેવી કે ચિલોડા, ચાંદખેડા, પેથાપુર, અડાલજ, ઉનાવાની બસો શરુ કરી હતી. વિટકોસની સેવા બરોબર જામી કે તુર્ત જ તેની સમય મર્યાદાનો કોન્ટ્રાકટ પૂર્ણ થયો. સંચાલકોએ બીજી વ્યવસ્થા ના થાય ત્યાં સુધી વિટકોસની સેવા યથાવત રીતે ચાલુ રાખવી જોઈતી હતી. મુસાફરો અને શહેરીજનોની માંગ છે કે મહાનગરપાલિકાએ જલ્દીથી નિર્ણય લઈ શહેરી બસ સેવા શરુ થાય તેમ કરવું જોઈએ

સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલે જણાવ્યું છે કે જો બસો શરુ નહિ થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

# સરકારી કોલેજોના વ્યાખ્યાતા સહાયકોને પગારવધારો ના અપાતા નારાજગી

## વ્યાખ્યાતા સહાયકોનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીને મળવા સચિવાલય પહોંચ્યું : મુખ્યમંત્રી ના મળતા નાનુભાઈ વાનાણીને મળી રજૂઆત કરી

ગાંધીનગર, તા.૧૬

રાજયભરની સરકારી કોલેજોના કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકોને પગાર વધારો બાબતે અન્યાય થયો હોવાના મુદ્દે આજે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવા ગાંધીનગર આવ્યા હતા. જો કે મુખ્યમંત્રી તેમના નિયત કાર્યક્રમને અનુલક્ષીને વ્યસ્ત હોવાથી આ વ્યાખ્યાતાઓએ રાજયકક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણીને મળી તેમની રજૂઆત કરવા સાથે આવેદનપત્ર આપ્યું હતું.

ગુજરાતની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના અધ્યાપક સહાયકો તથા રાજયની સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજોના ૧૧ માસના કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકો સમાન હોદ્દા તરીકે ફરજ બજાવે છે. બંનેની ભરતીના ધારા ધોરણો સમાન અને કામગીરી પણ સમાન હોવાથી અત્યાર સુધી તેમના પગાર પણ માસિક રૂ. ૨૫ હજાર સમાન હતા. બંને કક્ષાના કર્મચારીઓનો પગાર વધારો પણ એક સાથે જ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ તા. ૨૮-૫-૨૦૧૫ અનુસાર તેમનો પગાર રૂ. ૨૫ હજાર ફિકસ કરવામાં આવ્યો હતો. જો કે હવે નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ:૧/ તા. ૧૮-૧-૨૦૧૭ અંતર્ગત રાજય સરકારની કચેરીમાં કામ કરતા કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવ્યો છે. તા. ૪થી એપ્રિલ ૨૦૧૭ના રોજ થયેલ પરિપત્ર અનુસાર ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના અધ્યાપક સહાયકોના પગારમાં રૂ.૧ ૫ હજારનો વધારો કરીને રૂ. ૪૦૧૭૬ કરવામાં આવ્યો હતો. જયારે સરકારી કોલેજના સમાન ફરજ બજાવતા વ્યાખ્યાતા સહાયકોને પગારથી વંચિત રખાયા છે. આ બાબતે વ્યાખ્યાતા સહાયકોમાં નારાજગીનો સૂર રેલાવા પામ્યો છે તેથી તેઓનું એક પ્રતિનિધિ મંડળ આજે મુખ્યમંત્રીને મળવા સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે પહોંચ્યું હતું. જો કે મુખ્યમંત્રી મળી ના શકતા તેમણે મંત્રી નાનુભાઈ વાનાણીને મળી તેમની રજૂઆત કરી હતી.

## શામળાજીથી રિક્ષામાં દારૂ ભરીને આવતા ગાંધીનગરના બે યુવાનો પકડાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સે-૧૭ જ ટાઈપ બ્લોક નં. ૯૯/૧ ખાતે રહેતો



સુનિલ ઉર્ફે ડબ્બો ગાંડાભાઈ પ્રજાપતિ અને કોલવડા પગીવાસમાં રહેતો સંજય ભગીથી ઠાકોર બંને યુવાનો ૭ એપ્રિલે શામળાજી બોર્ડરથી રીક્ષામાં વિદેશી દારૂ ભરીને લાવતા પકડાઈ ગયા હતા. ૨૪ બોટલ સાથે પકડાયેલા આ બંને શખ્સો પોલિસને થાપ આપી ભાગી ગયા હતા. સવા મહિનાથી વોન્ટેડ આ બંને આરોપીઓ ગાંધીનગરમાં ફરતા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે બંનેને પકડી પાડયા છે. કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહની બાતમીને આધારે ટીમે બંનેને પકડી પાડી વધુ તપાસ શરુ કરી છે.

## આજથી સે-૨૬ ભવનાથ મહાદેવ ખાતે રામદેવ પારાયણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

જીવદયા હેતુ અર્થે સતગુરુ મિત્ર મંડળ અને મહંત હરિદાસજી મહારાજ રામજી મંદિર કોલવડા દ્વારા રામદેવ પારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા સે-૨૬ના ભવનાથ મહાદેવ મંદિર ખાતે યોજાશે. શાસ્ત્રી રાધેકૃષ્ણ દાસજી (લાઠી સૌરાષ્ટ્ર) કથાનું રસપાન કરાવશે. કથા સવારે ૯થી ૧૨ અને સાંજે ૮ થી ૧૧ એમ બંને સમયે યોજાશે. ૧૭મી મે બુધવારે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જે કોલવડા ગામમાં પરિક્રમા કરી વાહન મારફતે ભવનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચશે. આ કથાના પ્રારંભ પ્રસંગે મહંતશ્રી અવધકિશોર દાસજી મહારાજ આશીર્વચન આપશે. કથાનું શ્રવણ કરવા માટે સતગુરુ મિત્ર મંડળ દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે વિજ્ઞાન કોલેજ ખાતે ડિઝાસ્ટર રેસ્કયુ ડેમોસ્ટ્રેશન

આજના યુગમાં ટેકનોલોજીનો વિકાસ થવા છતાં હજુ પણ કુદરતી આપત્તિ સમયે માનવી લાચાર બનતો જોવાય છે. અચાનક આવી પડતી કુદરતી આપત્તિઓ સામે હવે વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યા વગર છુટકો નથી. હવે ટેકનોલોજીના સહારે કરાતા ડિઝાસ્ટર રેસ્કયુ ઓપરેશન્સ આપત્તિ સમયે જાન માલની હાનિને ઘટાડે છે આ ડિઝાસ્ટર રેસ્કયુ ઓપરેશનનું દિલધડક નિદર્શન આવતીકાલે સે-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ સંકુલ ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ તથા વનશ્રી ટ્રસ્ટ સંચાલિત ફાયર સેફટી કોલેજના સંયુકત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ, કેમિકલ, બાયોલોજીકલ, રેડિયોલોજીકલ તથા ન્યુકિલયર ડિઝાસ્ટર રેસ્કયુ, મેડિકલ ફર્સ્ટ રિસ્પોન્સ તેમજ સ્ટ્રકચરલ કોલેપ્સ રેસ્કયુ વગેરેનું નિદર્શન યોજાશે. આ કાર્યક્રમમાં નિઃશુલ્ક પ્રવેશ હોવાથી નગરના તમામ નાગરિકોને તે નિહાળવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બોરકુવા પાસેની ઓરડીનું તાળુ તોડી ખેડૂતના દાગીનાની ચોરી

**મોટી આદરજ ગામનો ખેડુત, પરિવાર સાથે લગ્નમાં ગયો ત્યારે સવા કલાકમાં ઘરફોડ ચોરી કરી તસ્કરો ફરાર**

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર નજીક આવેલા મોટી આદરજ ગામમાં એક બોરકુવા પાસે ઓરડીમાં રહેતા ખેડુત તેમના પરિવારને લઈને લગ્નમાં ગયા હતા. સવા કલાકમાં તેઓ પરત ફર્યા અને જોયું તો ઓરડીના દરવાજાનું તાળુ તુટેલું હતું અને અંદરથી સોના ચાંદીના દાગીના ગાયબ હતાં સવા કલાકમાં ઓરડીને નિશાન બનાવી તસ્કરો અંદરથી દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ખેડૂતની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ મોટી આદરજ ગામના ખેતરમાં બોરકુવા પાસે ઓરડીમાં રહેતા તખાજી કાળાજી ઠાકોર ગઈ કાલે સાડા અગિયાર વાગ્યાના અરસામાં પરિવારને લઈને ઓરડીને તાળુ મારી લગ્નપ્રસંગે હાજરી આપવા ગયા હતા. સવા કલાક બાદ પોણા એક વાગ્યાના અરસામાં તખાજી પરત ઘરે ફર્યા અને ઓરડી પાસે આવીને જોયું તો ઓરડીનું તાળુ તુટેલું હતું અને અંદર સામાન વેરવિખેર પડયો હતો. સવા કલાકના સમયગાળામાં બંધ રહેલા ઘરનું તાળુ તોડી અંદરથી સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ.૭૫ હજારની કિંમતની મત્તાની ચોરી કરી ઘરફોડીયા ફરાર થઈ ગયા હતા. ઘટના અંગે તખાજી ઠાકોરે પેથાપુર પોલિસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પીએસઆઈ વી.બી. દેસાઈએ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી ધીરજાખ્યાન પારાયણનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ ગાંધીનગર ખાતે 'શ્રી ધીરજાખ્યાન પંચાન્હ રાત્રીય પારાયણ'નું આયોજન તા. ૧૭થી ૨૧મે ૨૦૧૭ દરમિયાન રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ કલાકે યોજાશે.

આ આયોજન માત્ર ને માત્ર સત્સંગીઓ તેમજ ભાવિક ભકતોને સત્સંગનું તેમજ આધ્યાત્મિક (ભકિત) માર્ગનું બળ મળે એ હેતુથી થયેલ છે.

## આઈ લવ માય ગાંધીનગર



**સૌરભ જોષી**
વ્યવસાયી

**ગાંધીનગર ગમે**
સુંદર હોવા ઉપરાંત આ શહેર મારી કર્મભૂમિ છે તેથી મને ખૂબ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી અને સેવાભાવી નાગરિકો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગાંધીનગરમાં થતી કલા, સંસ્કૃતિ અને સેવાને લગતી પ્રવૃત્તિઓ ગમે છે. જી ઈ કલબ, પ્લગ ઈન્સ એન્ટરટેઈનમૅન્ટ, ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, શિવરંજની, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
ગાંધીનગરે સંપૂર્ણ કલાનગરી બનવા માટે ઘણું કરવાનું બાકી છે. અહીંના કલાકારો અહીંથી જ તૈયાર થાય અને એમનું દુનિયામાં ફેલાય એવા વાતાવરણનું નિર્માણ આ નગરમાં થવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**
નવા કલાકારોને તૈયાર કરવાની, એમને કલાની નિયમિત તાલીમ આપવાની વ્યવસ્થા અહીંથી ગોઠવાતી હોય તો એ માટે મારું સંપૂર્ણ યોગદાન આપવા હું તૈયાર છું.

# બાપુ કોલેજમાં બન્યુ ઈકો-ફ્રેન્ડલી 'ગ્રીન હાઉસ'

## સામાન્ય બાંધકામ કરતા ૧૫ ટકા જેટલું સસ્તુ છતાં એટલું જ ટકાઉ : શંકરસિંહ વાઘેલાના હસ્તે આજે ખુલ્લું મુકાયું

ગાંધીનગર, તા.૧૬

શું તમે એવા મકાનની કલ્પના કરી શકો છે જેમાં






સિમેન્ટ કે લોખંડ અથવા ઈંટો વપરાઈ ના હોય? આમ છતાં આ મકાન અન્ય મકાનો જેટલું જ મજબૂત હોય એટલું જ નહીં પરંતુ પર્યાવરણ માટે બિન ઉપદ્રવી એટલે કે ઈકો-ફ્રેન્ડલી હોય. ગાંધીનગર નજીકના વાસણ ખાતેના બાપુ નોલેજ વિલેજ સંકુલના સિવિલ એન્જિનીયરીંગ વિભાગના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓએ આવું એક અનોખું 'ગ્રીન હાઉસ' તૈયાર કર્યું છે જેનું ઉદઘાટન આજે કોલેજના મુખ્ય ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

બાપુ નોલેજ વિલેજના સિવિલ એન્જિનીયરીંગ વિભાગના ૮ વિદ્યાર્થીઓ તથા તેમના માર્ગદર્શક પ્રાધ્યાપક સાથે મળીને અનોખું ગ્રીન હાઉસ તૈયાર કર્યું છે. આ ગ્રીન હાઉસમાં સિમેન્ટના સ્થાને તેમણે 'રાખ'નો ઉપયોગ કર્યો છે. જેને તેમણે સોડિયમ હાઈડ્રોકસાઈડ અને સોડિયમ સિલિકેટ નામના આર્કાલાઈન સોલ્યુશન્સ સાથે મિશ્રિત કરી એક જીયોપોલિમર કોંક્રિટ તૈયાર કર્યો છે. વળી લોખંડના સળિયાની જગ્યાએ તેમણે વાંસ તથા બીમ ઉભા કરવા પથ્થરની જગ્યાએ નકામા ટાયરનો ઉપયોગ કર્યો છે.

> 'મકાન નિર્માણમાં વપરાતા ૧ ટન સિમેન્ટની સામે વાતાવરણમાં ૧ ટન કાર્બન પેદા થાય છે. જયારે અમે તૈયાર કરેલા ગ્રીનહાઉસમાં કયાંય સિમેન્ટ કે લોખંડનો ઉપયોગ ના થયો હોવાથી તે સંપૂર્ણપણે ઈકો ફ્રેન્ડલી છે. વળી આ સામાન્ય બાંધકામ કરતા ૧૦ થી ૧૫ ટકા જેટલું સસ્તું પડે છે અમે ૧૧x૧૧ ફુટનું ગ્રીન હાઉસ માત્ર રૂ. ૪૩ હજારમાં તૈયાર કર્યું છે.'
>
> **- અભિજિતસિંહ પરમાર**
> **માર્ગદર્શક પ્રાધ્યાપક**

આ ગ્રીન હાઉસની દિવાલો બનાવવા તેમણે ઈંટોના બદલે પ્લાસ્ટિકની નકામી ખાલી બોટલોનો ઉપયોગ કર્યો છે. આ પ્રકારે 'વેસ્ટમાંથી બેસ્ટ' ના કોન્સેપ્ટ સાથે તેમણે નકામા કચરાનો યોગ્ય નિકાલ કરવા સાથે ઈકો ફ્રેન્ડલી ગ્રીન હાઉસ તૈયાર કર્યું છે. આ સ્ટ્રકચર ૧૧x૧૧ ફુટનું તૈયાર કરાયું છે જેને બનાવવામાં તેમને દોઢ વર્ષ જેટલો સમયગાળો લાગ્યો છે.

આ અદભૂત ગ્રીનહાઉસનું આજે સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાના હસ્તે ઉદઘાટન કરાયું હતું. ઉદઘાટન બાદ તેમણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના પ્રયાસનો બિરદાવ્યો હતો. આ ગ્રીન હાઉસ બનાવવા માટેના પ્રોજેકટમાં જેનિસ પટેલ, વિજયસિંહ એ. વાઘેલા, વિજયસિંહ બી. વાઘેલા, રૂતવ પંડયા, ઉમંગ સુથાર, અંકિત શ્રીમાળી, વિશાલ પ્રજાપતિ અને પ્રિન્સિ શેઠ પ્રો. અભિજિત સિંહ પરમારના માર્ગદર્શન હેઠળ સામેલ થયા હતા.

## રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા માતૃ દિવસ અંતર્ગત હરિફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા માતૃ દિવસ અન્વયે માતા પ્રત્યેની દીકરીઓની લાગણી એ વિષય પર હરિફાઈ યોજાશે. આ હરિફાઈ તા. ૨૦-૫-૧૭ના રોજ યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક દરેક બહેનોએ તા. ૧૮-૫-૨૦૧૭ સુધીમાં સરોજબા રહેવર ૯૫૩૭૮૦૫૫૩૬ અને વિમળાબા વાઘેલા ૭૦૯૬૦૫૪૭૨૫ પર સંપર્ક કરી નામ નોંધાવવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. હાંસીલાદેવી ચુનીલાલ શર્મા, ઉ.વ. ૯૦
- સ્વ. સજનબા નવટરસિંહ પરમાર, ઉ.વ. ૬૫
- સ્વ. જયોત્સનાબેન ભરતસિંહ વાઘેલા, ઉ.વ. ૪૦
- સ્વ. વિજયભાઈ મનુભાઈ સોલંકી, ઉ.વ. ૩૦